## આ પુસ્તિકા

જો તમને આ પુસ્તિકાની વધુ નકલો જોઈતી હોય અથવા બ્રેઈલ કે અન્ય ભાષાઓમાં પુસ્તિકા જોઈતી હોય તો કૃપા કરીને કૉલ કરો **0800 1777 990** અથવા ઈમેઈલ કરો **healthiernwl@nw.london.nhs.uk**

### શું તમને વધુ માહિતી જોઈએ છે?

જો આ પુસ્તિકામાં ચર્ચવામાં આવેલા ફેરફારો વિશે તમને કોઇપણ પ્રશ્નો હોય અથવા નૉર્થ વેસ્ટ લંડનમાં બાળકોની સેવાઓ વિશે વધુ માહિતી જોઈતી હોય તો, કૃપા કરીને સંપર્ક કરો **healthiernwl@nw.london.nhs.uk** અથવા કૉલ કરો **0800 1777 990**.

NHS
North West London Collaboration of Clinical Commissioning Groups

# ઈલિંગ હૉસ્પિટલ ખાતે બાળકોની સેવાઓમાં ફેરફારો

## 30 જૂન 2016થી અમે કટોકટીની સ્થિતિમાં તમારા બાળકની જ્યાં સંભાળ લેતા હોઈએ તે જગ્યા બદલાઈ રહી છે



જો તમે માતાપિતા અથવા સંભાળકર્તા હો તો કૃપા કરીને વધુ માહિતી માટે આ પુસ્તિકા વાંચો.

Gujarati

## 30 જૂન 2016થી ઈલિંગ હૉસ્પિટલ ખાતે બાળકોની કેટલીક સેવાઓમાં ફેરફારો થશે

- 30 જૂનથી બાળકો માટે તાકીદની સંભાળ હજીયે અર્જન્ટ કેઅર સેન્ટર (UCC) દ્વારા ઈલિંગ હૉસ્પિટલ ખાતે દિવસમાં 24 કલાક ઉપલબ્ધ રહેશે.
- ઍમ્બ્યુલન્સ ઈલિંગ હૉસ્પિટલ ખાતે A&Eમાં બાળકોને પહોંચાડવાનું બંધ કરશે.
- બાળકોનો ઓવરનાઈટ અથવા 'ઈનપેશન્ટ' વૉર્ડ બંધ થશે.
- જીવલેણ કટોકટીની સ્થિતિમાં 999 પર કૉલ કરો.
- ઍમ્બ્યુલન્સ બાળકોને એવી હૉસ્પિટલમાં લઈ જશે જ્યાં બાળકોનો A&E વિભાગ હોય. આ નીચે પ્રમાણે હશે: વેસ્ટ મિડલસેક્સ, હિલિંગ્ડન, નોર્થવિક પાર્ક, ચેલ્સિયા અને વેસ્ટમિંસ્ટર, અથવા સેન્ટ મેરીઝ હૉસ્પિટલ્સ, તમારા બાળકની જરૂરિયાતોના આધારે.
- જો તમારું બાળક ઈલિંગ હૉસ્પિટલ ખાતે રાત્રિ દરમિયાનની સેવાઓનો નિયમિત ઉપયોગ કરતું હોય તો હૉસ્પિટલ સ્ટાફ તમારા બાળકની ભાવિ સંભાળ અંગે તમારી સાથે ચર્ચા કરશે.
- આ ફેરફારો સમગ્ર ઉત્તમ પશ્ચિમ લંડનમાં બાળકોની સંભાળ સુધારવા બાબતે છે જે માટે દિવસ અને રાત દરમિયાન વધારે નિષ્ણાત સીનિયર ડૉક્ટરો વધારે સારી રીતે ઉપલબ્ધ કરાવી આપવાનો પ્રયાસ થશે.

**ડે ક્લિનિક્સ અને આઉટપેશન્ટ અપોઈન્ટમેન્ટ્સ સહિતની બાળકની અન્ય તમામ સેવાઓ ઈલિંગ હૉસ્પિટલ ખાતે રહેશે અને તમારે સામાન્યની જેમ તેનો ઉપયોગ કરવો જોઈએ. બાળકોની સેવાઓની પૂરી યાદી www.lnwh.nhs.uk/children-ealing-hospital ખાતે મળી શકશે**

## વિષયવસ્તુ


3 જો તમારા બાળકને ઈલિંગમાં તાકીદની સંભાળની જરૂર પડે તો શું કરવું

4-5 તાકીદની અને કટોકટીની સંભાળ વચ્ચેનો તફાવત

6-9 ઈલિંગનું તાકીદનું સંભાળ કેન્દ્ર કેવી રીતે કામ કરે છે

10 ઈલિંગ હૉસ્પિટલનું તાકીદનું સંભાળ કેન્દ્ર કેવી રીતે શોધવું

11 અન્ય સેવાઓ




## જો 30 જૂન 2016થી તમારા બાળકને ઈલિંગમાં તાત્કાલિક સંભાળની જરૂર પડે તો શું કરવું



- **જીવલેણ કટોકટીની સ્થિતિમાં 999 પર કૉલ કરો.**
- **જો તે જીવલેણ સ્થિતિ ન હોય તો તમે ઈલિંગ હૉસ્પિટલના અર્જન્ટ કેઅર સેન્ટર (UCC) (નીચે જુઓ) પર જઈ શકો છો, તમારા GPની મુલાકાત લઈ શકો/કૉલ કરી શકો અથવા 111 પર NHSને કૉલ કરી શકો છો.**
- **બાળકો માટે તાકીદની સંભાળ હજીયે દિવસમાં 24 કલાક, અઠવાડિયામાં 7 દિવસ ઈલિંગ હૉસ્પિટલના અર્જન્ટ કેઅર સેન્ટર (UCC) દ્વારા પૂરી પાડવામાં આવશે.** UCC ઈલિંગ એડલ્ટ્સ A&E જેમ જ સમાન રિસેપ્શન શેર કરે છે.
- ઈલિંગ UCC એવી નજીવી બીમારીઓ અને ઈજાઓ માટે બાળકોની સારવાર કરે છે જે તાકીદની હોય, પરંતુ જીવલેણ ન હોય, જેમ કે: સ્ટ્રેન અને મચકોડ, નજીવા કાપાં, નજીવી દાઝવાની ઘટના, છાતી, કાન કે ગળામાં ચેપો અને હાડકાંમાં સામાન્ય ફ્રેક્ચર (પાન 4 પર વધુ સમજૂતી છે).
- જો તાકીદનું સંભાળ કેન્દ્ર પૂરી પાડી શકે તેનાથી વધારે નિષ્ણાત સંભાળની તમારા બાળકને જરૂર હોય તો તેમને તમારી સાથે અન્ય હૉસ્પિટલમાં સલામત રીતે ખસેડવામાં આવશે. આ કઈ રીતે કામ કરશે તેના ઉદાહરણો પાન 8 અને 9 પર છે.

# તાકીદની અને કટોકટીની સંભાળ વચ્ચેનો તફાવત

## તાકીદની સંભાળ

ઈલિંગ હૉસ્પિટલનું તાકીદનું સંભાળ કેન્દ્ર 24/7 તાકીદની સંભાળ પૂરી પાડે છે, નજીવી બીમારીઓ અને ઈજાઓ ધરાવતા બાળકો અને પુખ્તોની સારવાર કરે છે જે તાકીદના હોય પરંતુ જીવલેણ ન હોય, દાખલા તરીકે:

- મચકોડ અને સ્ટ્રેઈન
- નાની જગ્યાઓમાં દાઝવાની હળવી ઘટનાઓ
- જેના માટે ટાંકા લેવા પડે તે સહિતના નજીકના કાપા
- છાતી, કાન અથવા ગળા જેવા સામાન્ય ચેપો
- અંગૂઠા, ઘૂંટીઓ, કાંડાં, આંગળીઓ અથવા કૉલરબોન જેવા હાડકામાં હળવા ફ્રેક્ચર.

**જો તાકીદનું સંભાળ કેન્દ્ર પૂરી પાડી શકે તેનાથી વધારે નિષ્ણાત સંભાળની તમારા બાળકને જરૂર હોય તો તેમને તમારી સાથે અન્ય હૉસ્પિટલમાં સલામત રીતે ખસેડવામાં આવશે. આ કેવી રીતે થશે તે પાન 8 અને 9 સમજાવશે.**







## કટોકટીની સંભાળ

અકસ્માત અને કટોકટીના વિભાગો (A&E) મોટી, **જીવલેણ** બીમારીઓ અને ઈજાઓ માટે કટોકટીની સંભાળ પૂરી પાડે છે, જેના પરિણામે હૉસ્પિટલમાં દાખલ થવું પડી શકે છે, દાખલા તરીકે:

- નિદ્રાધીનતા અને ભાન ગુમાવવું
- છાતી અથવા પેટનો તીવ્ર દુખાવો
- શ્વસનની તકલીફો
- રુંધામણ
- તીવ્ર સતત રક્તસ્રાવ
- રસાયણો ગળાઈ જવા
- આંચકીઓ આવવી
- પગ સહિત, બહુ ખરાબ રીતે હાડકાં તૂટવા
- ખરાબ રીતે દાઝવું
- કાચના દબાણ હેઠળ દૂર ન થાય તેવા ચકામા.

**જો તમારું બાળક ઉપરનામાંથી કોઇપણ સ્થિતિથી પીડાઈ રહ્યું હોય તો તમારે ઍમ્બ્યુલન્સ માટે તાત્કાલિક 999 ડાયલ કરવો જોઈએ.**

**નોંધ:** આ કેટલાંક ઉદાહરણોની યાદી છે, જો તમારા બાળકને તાકીદની મદદની જરૂર પડે તો 999 ડાયલ કરો.

**નોંધ:** ઈલિંગ A&E 30 જૂન 2016થી પુખ્ત વયના લોકો માટે ખુલ્લું રહેશે.

# ઈલિંગનું તાકીદનું સંભાળ કેન્દ્ર કેવી રીતે કામ કરે છે

ઈલિંગ હૉસ્પિટલના તાકીદના સંભાળ કેન્દ્ર દ્વારા પૂરી પાડવામાં આવતી **તાકીદની સંભાળના** અને તમે શાની અપેક્ષા રાખી શકો તેના ઉદાહરણો.

**તમે અને તમારું બાળક તાકીદના સંભાળ કેન્દ્ર પર આવો છો, તમારા બાળકને આ છે:**

**મોટાભાગના બાળકો કે જેમને એ જ દિવસે તાત્કાલિક સંભાળની જરૂર હોય અને જેમને ઈલિંગ હૉસ્પિટલમાં લઈ જવામાં આવે છે (ઍમ્બ્યુલન્સમાં નહિ) તેમની તાકીદના સંભાળ કેન્દ્રમાં સારવાર કરવામાં આવે છે.**

## કાંડામાં હાડકું તૂટ્યાની શંકા



ડૉક્ટર અથવા નર્સ પ્રેક્ટિશનર તમને અને તમારા બાળકને મળે છે.

તમારું બાળક ઍક્સ-રે કરાવે છે.

તમારા બાળકના બાહુને પ્લાસ્ટર કરવામાં આવ્યું છે.

તમે અને તમારું બાળક એ જ દિવસે ઘરે જાઓ છો.

## હળવો અસ્થમા



ડૉક્ટર અથવા નર્સ પ્રેક્ટિશનર તમને અને તમારા બાળકને મળે છે.

તમારા બાળકની સારવાર કરવામાં આવે છે.

તમે અને તમારું બાળક એ જ દિવસે ઘરે જાઓ છો.

# ઈલિંગનું તાકીદનું સંભાળ કેન્દ્ર કેવી રીતે કામ કરે છે

જો તમે ઈલિંગ હૉસ્પિટલ ખાતે તાકીદના સંભાળ કેન્દ્ર (UCC) ખાતે આવો **અને UCC આપી શકે તેનાથી વધારે વિશિષ્ટ સંભાળની તમારા બાળકને જરૂર હોય તો**, તમારા બાળકને સલામત રીતે અન્ય હૉસ્પિટલમાં ખસેડવામાં આવશે. તમે શું થવાની અપેક્ષા રાખી શકો તેના આ ઉદાહરણો છે.

## તમે અને તમારું બાળક તાકીદના સંભાળ કેન્દ્ર પર આવો છો, તમારા બાળકને આ છે:

### પગની તીવ્ર ઈજા



ડૉક્ટર અથવા નર્સ પ્રેક્ટિશનર તમને અને તમારા બાળકને મળે છે. તમારા બાળકના પગમાં શસ્ત્રક્રિયાની જરૂર છે. આ અન્ય હૉસ્પિટલમાં કરવું જરૂરી છે.

નર્સ અને ડૉક્ટરો તમારા બાળકની સંભાળ રાખશે અને વાહનવ્યવહારની વ્યવસ્થા કરશે.

બાળકો માટે ઓવરનાઈટ સુવિધાઓ સાથેની હૉસ્પિટલમાં તમને અને તમારા બાળકને લઈ જવામાં આવશે.

### શ્વસનમાં તકલીફ



ઍમ્બ્યુલન્સ બોલાવનાર ડૉક્ટર અથવા નર્સ પ્રેક્ટિશનર તમને અને તમારા બાળકને તાત્કાલિક મળે છે.

ઍમ્બ્યુલન્સ આવે નહીં ત્યાં સુધી નર્સ અને ડૉક્ટરો તમારા બાળકની સંભાળ લે છે.

ઍમ્બ્યુલન્સ તમને અને તમારા બાળકને બાળકોનું A&E જ્યાં હોય તેવી નજીકની હૉસ્પિટલમાં લઈ જાય છે.

# ઈલિંગ હૉસ્પિટલનું તાકીદનું સંભાળ કેન્દ્ર કેવી રીતે શોધવું

**Ealing Hospital**
**Uxbridge Rd**
**Southall**
**UB1 3HW**
**www.lnwh.nhs.uk**




**અંડરગ્રાઉન્ડ, રેલ અને બસ માર્ગો:**
બસ માર્ગો 83, 207, 427, 607 અને N207 એ બધાં સેન્ટ્રલ અને ડિસ્ટ્રીક્ટ લાઈનો અને નેશનલ રેઈલ માટે હૉસ્પિટલને ઈલિંગ બ્રૉડવે સ્ટેશન સાથે જોડે છે.

**અન્ય માર્ગો:**

- સેન્ટ્રલ લાઈનથી ગ્રીનફૉર્ડ અને ત્યારબાદ ઈલિંગ હૉસ્પિટલ સુધી 92 નંબરની બસ.
- પિકાડિલી લાઈનથી બૉસ્ટન મેનર સુધી અને ત્યારબાદ ઈલિંગ હૉસ્પિટલ સુધી 195 બસ.
- હેનવેલ સ્ટેશન (નેશનલ રેલ) ચર્ચ રોડ પર આવેલું છે જે હૉસ્પિટલથી આશરે 1 માઈલ દૂર છે.

**કાર દ્વારા:** પાર્કિંગની જગ્યાઓ મર્યાદિત છે અને જ્યાં શક્ય હોય ત્યાં જાહેર પરિવહન સેવા દ્વારા જવાની ભલામણ કરવામાં આવે છે. હૉસ્પિટલની આગળની બાજુએ 24 કલાકનો વિઝિટર પે ઍન્ડ ડિસપ્લે કાર પાર્ક પૂરા પાડવામાં આવે છે.

### માર્ગ શોધક

| બસનો માર્ગ | તરફ | બસ સ્ટૉપ્સ |
|---|---|---|
| 83 (24 hour service) | Golders Green | G, M, P, R |
| 92 | Neasden | S |
| 195 | Brentford<br>Charville Lane Estate | K, M, P, Z<br>Q, W, Y |
| 207 | Southall<br>White City | E, J, N, Q<br>G, M, P |
| 282 | Mount Vernon Hospital | T |
| 427 | Acton<br>Uxbridge | G, M, P<br>E, J, N, Q |
| 607 | Uxbridge ◆<br>White City ◆ | J, Q<br>G, P |
| E3 | Chiswick<br>Greenford | A, C<br>B, D |
| E8 | Brentford<br>Ealing Broadway | E, J, K, Z<br>G, M, Y |

### નાઈટ બસ

| બસનો માર્ગ | તરફ | બસ સ્ટૉપ્સ |
|---|---|---|
| N207 | Holborn<br>Uxbridge | G, M, P<br>E, J, N, Q |

◆ મર્યાદિત સ્ટૉપ

કાર પાર્કિંગના ચાર્જીસ માટે, મુલાકાત લો:
www.lnwh.nhs.uk/patients-visitors/locations-of-our-services/ealing-hospital

**ડિસેબલ્ડ પાર્કિંગ:** રજીસ્ટર થયેલાં અપંગ ડ્રાઈવરો માટે પાર્કિંગની મફત જગ્યાઓ મુખ્ય પ્રવેશદ્વાર પર મળી શકે છે. અપંગ ડ્રાઈવરની માન્ય પરમિટ રજૂ કરવી જરૂરી છે.



# અન્ય સેવાઓ



## તમારા બાળકો માટે સલાહ અને સારવાર મેળવવા માટે તમે જ્યાં જઈ શકો તેવા કેટલાંક અન્ય સ્થાનો આ પ્રમાણે છે.

**NHS 111:** જો તમને ઠીક ન હોય અને તમને શાની જરૂર છે તેની ખાતરી ન હોય તો તમારે 111 પર કૉલ કરવો જોઈએ. 111 એ મફત ટેલિફોન નંબર છે જે દિવસમાં 24 કલાક અને અઠવાડિયામાં સાતેય દિવસ કાર્યરત રહે છે.

**ફાર્મસીઝ:** તમારા સ્થાનિક દવા વિક્રેતા તાલીમબદ્ધ છે અને અને તમને વિવિધ સામાન્ય સમસ્યાઓ જેવી કે માથાનો દુખાવો, પેટની સમસ્યાઓ, ખાંસી અને શરદી માટે સલાહ આપી શકે છે અને દવાઓ સૂચવી શકે છે.

**GP (જનરલ પ્રૅક્ટિસ):** GP અને તેમની ટીમો સમગ્ર પરિવાર માટે શારિરીક અને માનસિક સ્વાસ્થ્યની વિવિધ સેવાઓ આપે છે.

ઈલિંગ વિસ્તારના GP હવે ઈલિંગ હૉસ્પિટલમાં ચિલ્ડ્રન્સ રેપિડ ઍક્સેસ ક્લિનિકની સેવાઓ મેળવી શકે છે જેમાં GPને બાળકોના સ્વાસ્થ્ય માટે નિષ્ણાંતોની સલાહ અને નિષ્ણાંતોની અપોઇન્ટમેન્ટ આપવામાં આવે છે.

## તમારા સ્થાનિક વિસ્તારમાં સ્વાસ્થ્યસંભાળ સેવાઓ વિશે વધુ માહિતી અહીં મળી શકે છે **www.nhs.uk**